# રાજ્યમાં નવા ૫૭૭ કેસ, વધુ ૧૮નાં મોત

## રાજ્યમાં ૬૬ કોરોના દર્દી વેન્ટીલેટર પર : ૪૧૦ દર્દી એક દિવસમાં સાજા થઇને ઘરે પહોંચ્યા : હજુ સુધીમાં રાજ્યભરમાં ૩૪૫૨૭૮ ટેસ્ટ કરાયા

ગાંધીનગર,તા.૨૫

રાજ્યમાં કોરોના પોઝિટિવનો આંકડો સતત ૧૩માં દિવસે ૫૦૦થી વધુ નોંધાયો છે. આજે કુલ ૫૭૭ નવા કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતો આંકડો રાજ્યમાં ૨૯૫૭૮ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં મૃત્યુનો આંકડો ૧૮ થયો છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૧૪૫૭ થયો છે. રાજ્યમાં આજે ૨૪૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૨૧૫૧૬ થયો છે. રાજ્યમાં આજે ૫૧૯૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજે ૬૬ વ્યક્તિઓ વેન્ટીલેટર પર રહ્યા હતા. રાજ્યના આઠ મહાનગર વિસ્તાર અને ૨૪ જિલ્લામાં કોરોનાના ૫૭૭ નવા કેસો ઉમેરાયા છે જે ગત ૨૧મૂ જૂને નોંધાયેલા ૫૮૦ કરતા બીજા નંબરે સૌથી વધારે છે.

છેલ્લા સપ્તાહની સરખામણીમાં આજે રાજ્યમાં પ્રમાણમાં ઓછા મૃત્યુ નોંધાયા છે. રાજ્યમાં આજે કોરોનાના લીધે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૧૧ અને જિલ્લામાં એક, સુરત કોર્પોરેશનમાં ૩, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧ અને ગાંધીનગરમાં ૧, સુરેન્દ્રનગરમાં ૧સાથે કુલ ૧૮ મૃત્યુ થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુ કોરોનાના લીધે ૧૪૫૪ ૨ક પહોંચ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી અમદાવાદમાં કોરોના પોઝિટિવના ૨૫૦થી પણ ઓછા દર્દીઓ નોંધાતા આરોગ્ય તંત્રે રાહતનો શ્વાસ લીધો છે.

અમદાવાદ મહાનગર અને જિલ્લામાં ૨૩૮ નવા કેસ નોંધાતા કોરોનાથી કુલ સંક્રમિતોનો આંકડો ૧૮૮૩૯ પર પહોંચ્યો છે જ્યારે વધુ ૧૨ મોત સાથે કુલ મૃત્યુઆંક૧૩૯૦ પર પહોંચ્યો છે. આજે સતત છઠ્ઠા દિવસે ૧૦૦થી વધુ કેસ ૨૪ કલાકમાં પોઝિટિવ કોરોનાના સુરત કોર્પોરેશન અને જિલ્લાના ૧૬૪ નોંધાતા કુલ કોરોના સંક્રમિતોનો આકંડો ૩૮૭૬ થયો છે જ્યારે આજે વધુ ત્રણ મૃત્યુ સાથે મૃત્યુંઆંક ૧૪૨ થયો છે. વડોદરા કોર્પોરેશન અને જિલ્લામાં આજે ૪૪ નવા કોરોના પોઝિટિવના દર્દી ઉમેરાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૦૨૯ થયો છે જ્યારે ગાંધીનગરમાં આજે કોરોનાના ૧૫ નવા કેસ ઉમેરાતા કુલ સંક્રમિતનો આંકડો ૬૦૨ થયો છે. ગાંધીનગર કોર્પોરેશન અને જિલ્લામાં વધુ બે મોત નોંધાતા કુલ મૃત્યુઆંકડ ૨૭ થયો છે.

રાજ્યમાં અન્ય વિસ્તારોમાં આજે જામનગર કોર્પોરેશનમાં ૧૧ અને જિલ્લામાં ૩, નર્મદમાં ૧૧, રાજકોટ કોર્પોરેશનમાં ૯ અને જિલ્લામાં ૫, ભરુચમાં ૯, વલસાડમાં ૮, આણંદ-૭, પંચમહાલ અને ખેડામાં ૬-૬, કચ્છ અને નવસારીમાં ૫-૫, ભાવનગર કોર્પોરેશનમાં ૪ અને જિલ્લામાં ૧, જુનાગઢ કોર્પોરેશન-૪, મહેસાણા, સીગરસોમનાથ ૪-૪, અમરેલીમાં ૩, અરવલ્લી, સાબરકાંઠા, પાટણ, સુરેન્દ્રનગરમાં ૨-૨, ભાવનગર, બોટાદ, દાહોદ અને મોરબીમાં ૧-૧ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા હતા. રાજ્યમાં ૬૩૧૮ કોરોનાના એક્ટિવ કેસ નોંધાયા છે જેમાં ૬૬ વેન્ટીલેટર પર અને ૬૨૫૨ સ્ટેબલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૪૫૨૭૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૨૨૯૭૬૮ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે જે પૈકી ૨૨૬૧૧૬ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટાઈન છે અને ૩૬૫૨ લોકોને ફેસીલીટી ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૯૮૩૯ | ૧૩૯૧ | ૧૫૦૫૧ |
| સુરત | ૩૮૭૬ | ૧૪૮ | ૨૫૮૩ |
| વડોદરા | ૨૦૨૯ | ૪૭ | ૧૩૭૨ |
| રાજકોટ | ૨૧૫ | ૦૫ | ૧૧૫ |
| ગાંધીનગર | ૬૦૨ | ૨૭ | ૪૧૮ |
| ભાવનગર | ૨૧૮ | ૧૩ | ૧૪૬ |
| કચ્છ | ૧૨૭ | ૦૫ | ૮૭ |
| મહેસાણા | ૨૨૮ | ૧૦ | ૧૩૮ |
| ગીર-સોમનાથ | ૬૭ | ૦૧ | ૪૭ |
| પોરબંદર | ૧૪ | ૦૨ | ૧૦ |
| પંચમહાલ | ૧૫૯ | ૧૫ | ૧૧૭ |
| પાટણ | ૧૫૪ | ૧૪ | ૯૯ |
| છોટાઉદેપુર | ૪૬ | ૦૨ | ૩૭ |
| જામનગર | ૧૭૪ | ૦૪ | ૭૭ |
| મોરબી | ૧૧ | ૦૧ | ૦૬ |
| સાબરકાંઠા | ૧૫૮ | ૦૮ | ૧૦૯ |
| આણંદ | ૧૭૪ | ૧૩ | ૧૪૭ |
| દાહોદ | ૫૫ | ૦૦ | ૪૩ |
| ભરૂચ | ૧૮૧ | ૦૬ | ૯૦ |
| બનાસકાંઠા | ૧૬૮ | ૦૮ | ૧૪૬ |
| ખેડા | ૧૩૨ | ૦૫ | ૯૭ |
| બોટાદ | ૭૮ | ૦૨ | ૬૨ |
| નર્મદા | ૭૯ | ૦૦ | ૩૨ |
| અરવલ્લી | ૧૮૬ | ૧૫ | ૧૪૪ |
| મહીસાગર | ૧૩૩ | ૦૨ | ૧૧૦ |
| નવસારી | ૬૪ | ૦૧ | ૩૮ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| વલસાડ | ૮૮ | ૦૩ | ૪૭ |
| જૂનાગઢ | ૭૪ | ૦૧ | ૪૬ |
| સુરેન્દ્રનગર | ૧૦૬ | ૦૫ | ૫૩ |
| દેવભૂમિ દ્વારકા | ૨૦ | ૦૧ | ૧૫ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૫૪ | ૦૬ | ૨૩ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| કુલ | ૨૯૫૭૮ | ૧૭૫૪ | ૨૧૫૦૬ |

# ટેસ્ટિંગની સુવિધાના અભાવે વધુ મોત થાય છે : ધાનાણી

ગાંધીનગર, તા. ૨૫

વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ પણ સીએમ રૂપાણી સમક્ષ એક માંગ મૂકી છે. પરેશ ધાનાણીએ સીએમ રૂપાણીને જણાવ્યું છે કે, કોરોના મહામારી મામલે ગુજરાતના દરેક જિલ્લામાં અદ્યતન હોસ્પિટલ ઉભી કરવી, આરોગ્ય સ્ટાફનેં ઈ કીટ, માસ્ક, સેનેટાઈઝર સહિત સુરક્ષા માટે અન્ય વસ્તુઓ ઉપલબ્ધ કરાવવી. તે છતાં કોરોના દર્દીઓને અપૂરતી સારવાર તથા ટેસ્ટિંગની સુવિધાઓના અભાવે વધુમાં વધુ દર્દીઓ મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં કોરોના ટેસ્ટિંગ ચાર્જ વધુ એટલે ૪૫૦૦ રૂપિયા લેવાય છે. ટેસ્ટિંગ કીટ બધે સરખી જ હોય છે તો કેમ ગુજરાતમાં ચાર્જ વધુ વસુલાય છે. ધાનાણીએ વધુમાં જણાવ્યુ છે કે વધુ ચાર્જને લીધે લોકો કોરોનાનું સંક્રમણ હોવા છતાં ટેસ્ટ નહિ કરાવે સારવાર નહિ કરાવે જેથી વધારે લોકો મોતના મુખમાં ધકેલાશે. ગુજરાત સરકારે કોરોના ટેસ્ટિંગનો ચાર્જ ૨૦૦૦ નક્કી કરવો જોઈએ અને એ પૈકી ૧૦૦૦ રૂપિયાનો ખર્ચ સરકારે ઉઠાવવો જોઈએ. હાલમાં ૨૪-૩૬ કલાકમાં ટેસ્ટિંગ રિપોર્ટ મળે છે એની જગ્યાએ ૪-૫ કલાકમાં રિપોર્ટ મળે એ માટે બાયોસેફટી અને બાયોસિક્યુરિટીવાળી અદ્યતન લેબોરેટરી જિલ્લા કક્ષાએ ઊભી કરવી. કોરોના વાયરસ અતિ ગંભીર બીમારી હોય એની સારવારનો માં અમૃતમ યોજનામા સમાવેશ કરવો જોઈએ. જોકે બીજી બાજુ કોરોના મહમારી વચ્ચે ગુજરાત સરકારે ગુજરાતમાં ખાનગી લેબોરેટરી દ્વારા કોરોના ટેસ્ટિંગના ભાવમાં ઘટાડાની એક મહત્વની જાહેરાત કરી છે.



## ધનસુરામાં ધોધમાર વરસાદ

અરવલ્લી જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળ્યો જિલ્લાના ધનસુરામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ધનસુરામાં ધોધમાર વરસાદ વરસતા રોડ પર પાણી ભરાયા હતા. ધનસુરામાં વીજ કડાકા સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વરસાદને લઈને અસહ્ય ગરમી અને ભારે બાફથી લોકોને રાહત થઈ હતી. હવામાન વિભાગે અરવલ્લીમાં ભારે વરસાદની કરી આગાહી કરી છે.



કોબા સ્થિત ભાજપના કાર્યાલય કમલમ્‌ની પાછળ આવેલા વિસ્તારમાં ધામણ પ્રજાતિના બે સર્પ નીકળતા ફફડાટ ફેલાયો જો કે સ્નેક કેચર અને એનીમલ લવર પ્રદિપ સોલંકીએ આ બંને સર્પોને પકડીને જંગલ વિસ્તારમાં છોડી મુક્યા હતા. આ બંને સર્પો બીનઝેરી હોવાનુ જાહેર થતાં સ્થાનિકોમાં રાહત અનુભવાઈ હતી.

# કોરોના વચ્ચે બુક્સ-સ્ટેશનરીનો ૪૦૦ કરોડનો ધંધો ભાંગી પડ્યો

## જે શાળાઓએ શિક્ષણ શરૂ કર્યું છે તેઓ પણ ઓનલાઈન શિક્ષણ આપી રહ્યા છે

અમદાવાદ, તા. ૨૫

સામાન્ય રીતે જુન માસની શરૂઆતમાં જ સ્ટેશનરી માર્કેટમાં લોકોની વિશેષ ભીડ જોવા મળતી હોય છે પરંતુ આ વખતે માર્કેટ ખાલીખમ ભાસી રહ્યા છે કારણ છે કોરોના. મહામારી કોરોનાએ આ વખતે દેશ નહીં પરંતુ દુનિયાભર પરના માર્કેટ પર મોટી અસર છોડી છે. ત્યારે આ વર્ષે કોરોનાને લીધે શૈક્ષણિક સત્ર પણ શરૂ થઈ શક્યા નથી. જે શાળાઓએ શિક્ષણ શરૂ કર્યું છે તેઓ પણ ઓનલાઈન શિક્ષણ આપી રહ્યા છે. પરિણામે મોટાભાગનાં વિદ્યાર્થીઓએ આ વખતે સ્ટેશનરી અને ચોપડીઓ ખરીદવાની હજુ પણ બાકી છે અને જે ચોપડાઓ અને સ્ટેશનરી દર વર્ષે ખરીદતા હતા તેમાં પણ ભણતર પૂરું થશે કે કેમ તેની દ્વિધામાં ઘણી ઓછી ખરીદી કરી છે.

ગુજરાત બુક સેલર એસોસિએશનના પ્રમુખ નરેશ શાહ જણાવે છે કે, દર વર્ષે ૪૦૦ કરોડ રૂપિયાથી વધુનો વ્યવસાય અમારી નોટબુક અને સ્ટેશનરી એસોસિએશનના વેપારીઓ કરતા હોય છે. જે આ વર્ષે નહિવત્ ૨૫ ટકા જેટલો જ રહી ગયો છે. એક સેમેસ્ટર પૂરું થાય ત્યાં સુધી તો અમને કોઈ ધંધો દેખાતો નથી. તો ગ્રાહકોએ પણ તેમની નોટબુક અને ચોપડીઓ તથા વિવિધ સ્ટેશનરી વસ્તુઓની ખરીદીમાં ૭૫ ટકા સુધીનો કાપ મૂક્યો છે અને માર્કેટમાં ઘરાકી ૨૫ ટકા જેટલી થઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, કોરોનાની મહામારી વચ્ચે અનેક ઉદ્યોગ ધંધા ઠપ થઈ ગયા છે. અને તેવી જ માઠી અસર નોટબુક અને સ્ટેશનરી બિઝનેસ ઉપર પણ પડી છે. કારણ કે, હજુ સુધી શૈક્ષણિક સત્ર શરૂ થઈ શક્યા નથી અને શરૂ થાય તેવું પણ તેઓને લાગી રહ્યું નથી. ગ્રાહકોની માનીએ તો આ વરસ બાળકોના એજ્યુકેશન લઈને ફેલ ગયું છે અને પરિણામે જ તેઓ સ્ટેશનરીની વિવિધ વસ્તુઓની ખરીદીમાં ભારે કાપ મૂક્યો છે અને તેમનું કહેવું છે કે, બાળકોનું આ વર્ષનું ભણતર બગડયું છે. તો ખરીદી કરવાનો મતલબ પણ રહેતો નથી.

### વૃદ્ધિ કરનારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કહેવુ ઉતાવળીયુ થઈ જશે. આ ઉપરાંત આ પંચાયતો મટી જતાં ગ્રામીણ વિસ્તારમાં સેવાઓ કથળવાનો આરંભ થઈ ચુક્યો છે એટલુ જ નહિ આ વિસ્તારોમાં પ્રશ્નો વધી ગયા છે. સ્વચ્છતા સહિતની લગભગ કામગીરી ઠપ્પ થઈ જવા પામી છે. જે કામો ૧૪ મા નાણાપંચની ગ્રાન્ટમાંથી અને સભ્યોની ગ્રાન્ટમાંથી હાથ ધરાયા હતા તે પણ અટવાઈ ગયા છે અને તેના ચૂકવણાની કામગીરી પણ અટવાઈ ગઈ છે. ગાંધીનગરમાં હદ વધારાનો મુદ્દો એ સૌ માટે હાલ પડકાર બની ઉભરી રહ્યો છે. તા. પંચાયતના પ્રમુખ નહિ હોવાથી ચાર્જ કોણ સંભાળે તેને લઈ પણ પ્રશ્ન છે આ ઉપરાંત જિલ્લા પંચાયતની ચૂંટણીઓ ડિસેમ્બરમાં આવી રહી છે ત્યારે તેના સીમાંકનનો મુદ્દો પણ લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

### ૧૦ કેસ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલા ૧૦ કેસમાં ૬ મહિલા દર્દીઓ છે. જિલ્લામાં મહિલા દર્દીઓની સંખ્યામાં પણ સતત વધારો થતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૪૫૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં મૃત્યુદર કોરોનાનો વધતો જતો હોવાથી પણ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

### કોરોના ટેસ્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાજેતરમાં રાજ્ય સરકારે એવો પણ નિર્ણય કર્યો છે કે, દર્દીને કોરોનાના લક્ષણો જણાય તો એમ.ડી. ફીઝીશ્યન ડોક્ટરો જો ટેસ્ટીંગ માટે અભિપ્રાય આપે તો ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ કોરોનાનો ટેસ્ટ કરાવી શકશે. આ ખાનગી લેબોરેટરીઓ ટેસ્ટીંગની કિંમત રૂ. ૪૫૦૦ લેતી હતી તે સંદર્ભે મળેલી રજુઆતો અને નામદાર હાઈકોર્ટના માર્ગદર્શન મુજબ આ રકમ ઓછી કરવા માટે ગઈ કાલે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષે મળેલી કોર કમિટીની બેઠકમાં આ મહત્વનો નિર્ણય કરાયો છે, એમ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે. તેમણે ઉમેર્યુ કે, હાલ ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટીંગના ચાર્જ જે રૂ. ૪૫૦૦ લેવાય છે તે હવેથી રૂ. ૨૫૦૦ લેવાના રહેશે, તેમજ ટેસ્ટીંગ માટે દર્દીઓ લેબોરેટરીના માણસોને ઘરે કે હોસ્પિટલમાં બોલાવે ત્યારે તેનો ચાર્જ રૂ. ૩૦૦૦ ખાનગી લેબ દ્વારા લેવાનો રહેશે. આમ રાજ્ય સરકારે કોરોનાના ટેસ્ટીંગ માટે ખાનગી લેબોરેટરીમાં જે ચાર્જ લેવાતો હતો તે નાગરિકોના હિતમાં રૂ. ૨૦૦૦ થી રૂ. ૧૦૦૦ નો ઘટાડો કર્યો છે. હવેથી ખાનગી લેબોરેટરીઓએ આ મુજબનો ચાર્જ વસુલવાનો રહેશે. જો વધુ ભાવ લેવા સંદર્ભે રજુઆતો કે ફરીયાદો મળશે તો ખાનગી લેબોરેટરીની માન્યતા રદ કરવાનો પણ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. અમદાવાદમાં જે રીતે ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યું છે જેના પરિણામે છેલ્લા અઠવાડીયામાં કેસોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે એ વ્યવસ્થાને સંતોષકારક રીતે આગળ વધારવામાં આવશે. અમદાવાદ શહેરના ગીચ વિસ્તારોમાં ધન્વંતરી રથ દ્વારા મહોલ્લે મહોલ્લે સર્વેલન્સ અને આરોગ્યલક્ષી સારવાર પુરી પાડવામાં આવી રહી છે જેના પરિણામે ગીચ વિસ્તારોમાં કેસોનું પ્રમાણ ઘટી રહ્યું છે હવે જ્યારે સુરતમાં પણ કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે એ સંદર્ભે પણ સુરત ખાતે અમદાવાદ મોડલ આધારીત સર્વેલન્સ સહિત આરોગ્યલક્ષી સારવાર ધન્વંતરી રથ દ્વારા પુરી પાડવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે, એ માટે આરોગ્ય સચિવ ડૉ. જ્યંતી રવીએ મુલાકાત લઈને સંપૂર્ણ માર્ગદર્શન પુરૂ પાડ્યું છે અને આરોગ્ય કમિશનર પણ ત્યાં કેમ્પ કરીને સતત મોનીટરીંગ કરી રહ્યાં છે.

### પાંચ નવા કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેસ નોંધાતા સમગ્ર શહેરમાં સન્નાટા જેવુ વાતાવરણ પ્રસરી જવા પામ્યુ છે. આ વિસ્તાર આમ તો ગ્રીન ઝોન એરિયા તરીકે ઓળખવામાં આવતો હતો. સે. ૨૨ માં પણ લાંબા સમય બાદ કોરોનાના કેસો સામે આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે આનંદવાટિકામાં રહેતા અને અમદાવાદ ખાતે ટેક્ષ કન્સલટન તરીકેની સેવાઓ આપતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે અમદાવાદ દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે તેમજ આ વિસ્તારમાં સઘન સર્વેલન્સની કામગીરી પણ આરંભી દીધી છે.

આનંદવાટિકામાં રહેતા અને ખાનગી કોન્ટ્રાક્ટર તરીકેનો વ્યવસાય કરતા એક ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. આ દર્દીના પરિવારના સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આ દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા આજે મળી આવેલ દર્દીઓના નિવાસસ્થાન અને આસપાસના વિસ્તારના મકાનોને સેનીટાઈઝેશન કરી માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવાની કામગીરી સાથે સઘન સર્વેલન્સની કામગીરીના આદેશો આપ્યા છે. શહેરમાં વધી રહેલા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં હાલ ૧૨ જેટલા કેસોમાં હોમ આઈસોલેશનની મંજૂરી આપવામાં આવી છે. શહેરમાં હાલ ૩૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ૧૫૧ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

### કોરું ધાકોર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરમીથી બેબાકળા બની ગયા હતા. પરંતુ વરસાદના વિચિત્ર મિજાજથી નગરજનોની આશા ઠગારી નિવડી હતી. નગરના જુના સેકટરો પર પલવાર માટે હેત વરસાવી વરસાદી વાદળો વિખેરાઈ ગયા હતા. જયારે નવા સેકટરોમાં માર્ગો પણ ભીંજાયા ન હતા. વરસાદનો આ મિજાજ શહેરમાં ટોક ઓફધ ટાઉન બન્યો હતો. વરસાદી વાદળો વિખેરાઈ જતા સાંજના સમયે આકાશ ચોખ્ખુ થઈ જતા ઉઘાડ નિકળ્યો હતો.

### ટ્રીમીંગ કરવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર માર્ગોની સમાંતર વૃક્ષોની હારમાળા જોવા મળે છે. આ પૈકી ઘણાંખરા વૃક્ષોની ડાળીઓ સ્ટ્રીટ લાઈટના થાંભલા પર નમી પડી છે. જેના લીધે થાંભલાઓનુ અજવાળુ પણ પુરતુ આવતુ નથી. જયારે વરસાદી દિવસોમાં તોતિંગ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ પણ ગમે ત્યારે ભયજનક પુરવાર થાય તેમ છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર આવા સેંકડો વૃક્ષો છે. જયારે ગ માર્ગ પર નમી પડેલા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. નગરના વોક વે પર વોકીંગ કરતી વેળાએ પણ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ નાગરિકો માટે પરેશાનીનુ કારણ બને છે. શહેરની ફુટપાથ પર નમી પડેલી વૃક્ષોની ડાળીઓનુ પણ ટ્રીમીંગ કરવા માટે માંગ ઉઠવા પામી છે.

### યુવા તબીબ...

● ત્રીજા પાનાનું ચાલુ

કરાવ્યો હતો જે પોઝિટિવ આવ્યો હતો. કોરોના પોઝિટિવ થયાં બાદ ડૉ. દ્રોણે સિવિલ હોસ્પિટલમાં જ સારવાર લેવાનું નક્કી કર્યુ હતુ જ્યાં તેમને એક અલગ રૂમમાં રાખવામાં આવ્યાં હતા. આ દરમ્યાન ડૉ. દ્રોણને એક જ વાતનો ડર હતો કે પોતાના પરિવારના કોઈ સભ્યને પોઝિટીવ ના આવે કેમકે તા. ૨૯મી જૂને તેમના ભાઈ દર્શિલ ત્રિવેદીના લગ્ન નિર્ધારિત હતા.

ડૉ. દ્રોણ ત્રિવેદીને તા. ૨૬મી મે એ કોરોના પોઝિટીવ આવ્યા બાદ તા. ૬ જૂન સુધી સારવાર હેઠળ રખાયા અને પછી રિપોર્ટ નેગેટિવ આવતા રજા આપી દેવામાં આવી પરંતુ તે પછી પણ તેઓ પોતાના ઘરમાં વધુ સાત દિવસ આઈસોલેશનમાં રહ્યાં અને તા. ૧૬મી જૂને તેઓ ફરીથી સિવિલ હોસ્પિટલમાં પોતાની ફરજ પર હાજર થઈ ગયાં હતા. એકવાર કોરોના પોઝિટીવ થયા પછી દર્દીના શરીરમાં તે વાઈરસ સામે લડવાના ''સેન્ટીબૉડી'' તૈયાર થઈ જાય છે તેથી ફરી તુરંત પોઝિટીવ થવાની શક્યતા ખૂબ ઓછી રહે છે તેવુ જણાવતા ડૉ. દ્રોણે કહ્યું કે ફરી ફરજ પર હાજર થઈને તેમણે કોરોના વોર્ડમાં સૌથી મુશ્કેલ ફરજ જ્યાં છે તેવા આઈસીયુમાં જ સેવા આપવાનું સ્વીકાર્યુ છે જેથી જે અન્ય તબીબો હજુ ચેપમુક્ત રહ્યાં છે તેમને જોખમ ઓછુ લેવુ પડે. હાલ ડૉ. દ્રોણ પોતાના ભાઈના લગ્ન પ્રસંગે રજા પર ઉતર્યા છે અને તેઓ સંપૂર્ણ સ્વસ્થ છે. ડૉ. દ્રોણ ત્રિવેદીની હિંમત અને જોશની સૌ કોઈ પ્રસંશા કરી રહ્યું છે અને તેઓ જ્યારે પોતાના દર્દીઓને આ વાત કહે છે કે ''હું પણ કોરોના પોઝિટીવ થઈને સાજો થઈ ગયો છુ.'' ત્યારે દર્દીઓમાં પણ હિંમત અને પ્રોત્સાહનનો સંચાર થાય છે જે તેમને જલ્દી સાજા થવામાં ખૂબ મદદરૂપ થઈ રહ્યો છે.

#### સારવાર દરમિયાન વાગ્દત્તાએ બજાવેલી ફરજ ઉપયોગી બની

ડૉ. દ્રોણ ત્રિવેદી ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજના મેથ્સના પ્રાધ્યાપક ભવનેશભાઈ ત્રિવેદી તથા સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના સુપરવાઈઝર હિનાબેન ત્રિવેદીના પુત્ર છે. તેમની સારવાર દરમ્યાન વાગ્દતા હીર શુકલ અને શ્વસુર પરાગ શુકલના પરિવારે નિયમિત રીતે દરેક ફળના જ્યુસ, હળદળવાળુ પાણી, ગરમ પાણી ઉપરાંત જમવા-નાસ્તા સહિતની જવાબદારી ઉપાડી લીધી હતી જેના કારણે હોમ કોરોન્ટાઈન થયેલા માતા-પિતા પણ નિશ્ચિંત બની શક્યા હતા.

#### સેનેટાઈઝર કરતા સાબુ વધારે અસરકારક છે

ધો. ૧૦ માં બોર્ડમાં બીજો અને ધો. ૧૨ માં બોર્ડના પ્રથમ દસમાં સ્થાન પ્રાપ્ત કરવા સાથે માઉન્ટ કાર્મેલ સ્કૂલના અભ્યાસ દરમ્યાન સ્કાઉટગાઈડમાં તત્કાલિન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે મેડલ પ્રાપ્ત કરનાર ડૉ. દ્રોણ ત્રિવેદીના મતે નાગરિકોએ કોરોનાથી ભયભીત થવાની જરૂર નથી. માત્ર ત્રણ બાબતોનું ખાસ ધ્યાન રાખવુ જેમાં યોગ્ય રીતે માસ્ક પહેરવો, બહાર જઈને આવો ત્યારે સ્નાન કરી લેવુ અને બહારથી લાવેલી કે આવેલી ચીજોને યોગ્ય રીતે સેનેટાઈઝ કરી લેવી તથા કોઈપણ વ્યક્તિ કે વસ્તુ સાથે નજીકથી સતત ૧૫ મિનિટ સુધી સંપર્કમાં રહેવુ નહી. આ સાથે તેઓ માને છે કે સેનેટાઈઝર કરતા સાબુ વધુ અસરકારક છે જેનાથી સતત ૨૦ સેકન્ડ સુધી દર કલાકે હાથ ધોવા જોઈએ.

### અધધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હીમાં વધુ ૬૪નાં મોત થયા, જ્યારે તામિલનાડુ ૩૩ અને ગુજરાતમાં ૨૫નાં મોત નોંધાયા છે. કર્ણાટકમાં મૃત્યુઆંકમાં ઉછાળો આવ્યો છે, અહીં વધુ ૧૪ના મોત નોંધાયા છે. ભારતમાં કોરોના વાયરસના કારણે થયેલા કુલ મૃત્યુઆંક ૧૪,૮૯૬ થયો છે. જો કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૫૭.૪૨ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૦૧૨ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨,૭૧,૬૯૭ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના વધુ ૩,૮૯૦ , દિલ્હીમાં ૩,૭૮૮, તામિલનાડુમાં ૨,૮૬૫ તેલંગાણામાં ૮૯૧, ઉત્તરપ્રદેશમાં ૭૦૦, ગુજરાતમાં ૫૭૨, આંધ્રપ્રદેશમાં ૪૯૭, હરિયાણામાં ૪૯૦, બંગાળમાં ૪૪૫ અને આસામમાં ૪૨૯ નવા કેસ નોંધાયા છે.

આ પ્રકારે દેશમાં અત્યાર સુધી કુલ સંક્રમિત કેસ ૪ લાખ ૭૩ હજાર૧૦૫ કેસ થઈ ગયા છે. જેમાંથી એક લાખ ૮૬ હજાર ૫૧૪ એક્ટિવ કેસ છે. અત્યાર સુધીમાં ૨ લાખ ૭૧ હજાર ૬૯૭ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. સાથે જ અત્યાર સુધી ૧૪,૮૯૪ દર્દીના મોત થયા છે. દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો કહેર સતત વધી રહ્યો છે. બે મહિનાના લોકડાઉન બાદ તેમાં આપવામાં આવેલી છૂટછાટ બાદ કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે અને હવે ૧ જુલાઈથી તેમાં વધુ છૂટછાટ આપવામાં આવશે ત્યારે દેખીતી રીતે જ કેસો વધવાની શક્યતાને નકારી શકાય તેમ નથી.

તો બીજી તરફ ઈન્ડિય કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨ લાખ ૭ હજાર ૮૭૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. તો બીજી તરફ દેશમાં અત્યાર સુધી ૭૫ લાખ ૬૦ હજાર ૭૮૨ સેમ્પલ ટેસ્ટ કરાયા છે. આ પહેલા ૨૦ જૂને ૧૫ હજાર ૯૧૮ સંક્રમિત મળ્યા હતા.છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૩૮૯૦ સંક્રમિતોની પુષ્ટી કરાઈ હતી. દિલ્હીમાં ૩૭૮૮ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા, હવે અહીંયા ૭૦ હજાર ૩૯૦ દર્દી થઈ ગયા છે, જે મુંબઈ કરતા ૨ હજાર વધારે છે. રાહતની વાત છે કે દેશમાં કોરોનોનો રિકવરી રેટ ૬% વધીને ૫૬.૩૮% થઈ ગયો છે.

### દરેકની તપાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરીએ. એટલા માટે દેશના દરેક ખૂણામાં લક્ષણ ધરાવતા લોકો માટે તપાસ સુવિધા વ્યાપક સ્તર પર ઉપલબ્ધ કરાવવામાં આવે. આ સાથે જ ચેપના કારણોને શોધીને તેનો ફેલાવો રોકવા સંબધિત પ્રક્રિયા વધુ મજબૂત કરવી પડશે.' તપાસ સંબંધિત પોતાની સંશોધિત રણનીતિમાં આઈસીએમઆરએ એ તમામ લોકોને સાત દિવસની અંદર તપાસ કરાવવા સલાહ આપી છે જે વિદેશથી પરત આવ્યા હોય અથવા પ્રવાસી હોય તેમણે ઈન્ફલુએન્જા જેવી બિમારી હોય. ઈન્ફલૂએન્જા જેવા લક્ષણ હોય, હોસ્પિટલમાં દાખલ દર્દીઓ હોય કે નિષિદ્ધ ક્ષેત્રમાં રહેનાર વ્યક્તિ, તમામને તપાસ કરાવવાની સલાહ આપવામાં આવી છે. પછી એ સ્વાસ્થ્ય સેવા સંલગ્ન હોય કે અન્ય સેવાઓથી સંલગ્ન હોય, સૌએ તપાસ કરાવવી જોઈએ. આઈસીએમઆર એ અધિકારીઓને કહ્યું છે કે એ તમામ સરકારી તથા ખાનગી હોસ્પિટલો, કાર્યાલયો અને જાહેર ક્ષેત્રના યુનિટોને એન્ટીબોડી આધારીત કોવિડ-૧૯ તપાસ ક્ષમતાથી લેસ કરે જેથી દેખરેખ કરીને આરોગ્ય કર્મીઓને અને અન્ય કર્મચારીઓનો ભય ખતમ કરી શકાય.આ પહેલાં આઈસીએમઆરની તરફથી જે પરામર્શ જાહેર કરવામાં આવ્યો છે એમાં પ્રતિબંધિત ક્ષેત્રો સિવાય ભીડયુક્ત વિસ્તારો, ઈન્ફલુએન્જાના લક્ષણ ધરાવતા લોકોના સુવિધા કેન્દ્રો પર તપાસ કરાવવાની વાત કહેવામાં આવી છે.